## :: આંક–૧ નીચે હુકમ ::

1. ફરિયાદી ની સદર ડિલે કોન્ડોન ની અરજી વંચાણે લીધી.જે જોતાં સદર નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ની કલમ–૧૩૮ ની ફરિયાદ દાખલ કરવામાં દિન–૧૪ નો વિલંબ થયેલ છે તે દરગુજર કરવા સારું આ અરજી રજૂ રાખેલ છે.
2. વધુ માં રેકર્ડ જોતાં જણાઈ આવે છે કે સદર ડિલે બાબતે સાંભળવા આરોપીને નોટિસ આર.પી.એ.ડી. દ્વારા બજવણી કરવામાં આવેલ છે અને તેનો સ્ટેટ્સ રિપોર્ટ આંક–૬થી રજૂ રાખેલ છે.
3. આમ,આરોપીને નોટિસ બજયા બાદ પૂરતો અને વ્યાજબી સમય આપેલ હોવા છતાં આરોપી જાતે કે તેઓના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ નથી કે કોઈ રિપોર્ટ રજૂ રાખેલ નથી.જેથી આજ રોજ પણ પોકાર કરવા છતાં આરોપી કે આરોપીના વિ.વ.શ્રી હાજર નથી.વધુમાં સદર અરજી બાબતે ફરિયાદપક્ષે એફિડેવિટ દ્વારા રજૂઆત કરેલ છે કે,ફરિયાદી ને તા.૧૭/૦૧/૨૦૨૫ ના રોજ જે કે ઓર્થોપેડિક હોસ્પિટલ ખાતે કારોડરજ્જુના મણકાનું ઓપરેશન કરાવેલ હતું અને ઓપરેશન બાદ ડોક્ટર શ્રી ની સલાહ મુજબ ૬–૭ મહિના આરામ કરવાની સલાહ આપેલ અને ૫ મહિના સુધી પથારીવશ રહેવું પડેલ હતું.જેથી ફરિયાદીને શારીરિક બીમારી ના લીધે સદર ફરિયાદ દાખલ કરવામાં વિલંબ થયેલાનું જણાવેલ છે.વધુમાં સદર એફિડેવિટ સાથે મેડિકલ સારવારની ફાઇલ પણ રજૂ રાખેલ છે.
4. હાલ ના તબક્કે નેગો.ઇન.એક્ટ ની કલમ–૧૪૨(૧)(બી) વંચાણે લેવી આવશ્યક છે.જે નીચે મુજબ છે.

> ***૧૪૨(૧)(બી):*** *કલમ–૧૩૮ ના પરંતુક ના ખંડ (સી) હેઠળ જે તારીખે દાવા નું કારણ ઉપસ્થિત થયું હોય તે તારીખ ના એક મહિના ની અંદર એવી ફરિયાદ કરી હોવી જોઇએ.*

*પરંતુ જો ફરિયાદી કોર્ટ ને સંતોષજનક રીતે જણાવી શકે કે સમયમર્યાદા માં ફરિયાદ નહીં કરવા માટે તેની પાસે પૂરતું કારણ હતું તો કોર્ટ ઠરાવેલી સમયમર્યાદા પછી ફરિયાદ નું કોગ્નીઝન્સ લઈ શકશે.*

5. આમ,કાયદા ની જોગવાઈ મુજબ જો ફરિયાદી કોર્ટ ને સંતોષજનક રીતે સમયમર્યાદા માં ફરિયાદ નહીં કરવા માટે પૂરતું કારણ હતું તો કોર્ટ સમયમર્યાદા પછી પણ ફરિયાદ નું કોગ્નીઝન્સ લઈ શકશે.

6. સદર કેસ નું રેકર્ડ વંચાણે લીધું જે જોતાં જણાઈ આવે છે કે સદર ફરિયાદ નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ની કલમ-૧૩૮ હેઠળ ફરિયાદ દાખલ કરવા માટે કરેલ છે.તેમજ ડિલે કોન્ડોન ની અરજી તથા રજૂ રાખેલ એફિડેવિટ તથા વંચાણે લીધી જે જોતાં ફરિયાદી ને મેડિકલ તકલીફ ના કારણે ૧૪ દિવસ નો વિલંબ થયેલા ની હકીકત જણાવેલ છે.

7. આમ,ફરિયાદ મા જણાવેલ કારણ ધ્યાને લેતા તેમજ નેગો.ઈન.એક્ટ ની કલમ-૧૪૨(૧)(બી) વંચાણે લેતા ફરિયાદી એ ડિલે ફરિયાદ દાખલ કરવા બાબતે જે મેડિકલ કારણ દર્શાવેલ છે તે વ્યાજબી કારણ જણાય છે આથી ફરિયાદ દાખલ કરવામાં થયેલ સદર ડિલે કોન્ડોન કરવો એ યોગ્ય જણાતો હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

- હાલની ડિલે કોન્ડોન ની અરજી મંજૂર કરવાનો હુકમ કરવામાં આવે છે.
- આરોપી વિરુદ્ધ નેગો.એક્ટ ની કલમ-૧૩૮ હેઠળનો ગુનો રજીસ્ટરે લેવો તેમજ આરોપી વિરુદ્ધ તા.૨૫/૦૮/૨૦૨૬ ના રોજ નું સમન્સ ઇસ્યુ કરવું.

આજ તા.૨૦ મી જુલાઇ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

હિંમતનગર
તા. ૨૦/૦૭/૨૦૨૬

**(એન. જે. કોઠારી)**
એડી.જ્યુડી. ફ. ક.
હિંમતનગર